# નવા કાયદા અંતર્ગત સહકારી બેંકોને ક્રેડિટ ઇકવીલીઝેશન ફંડની જોગવાઈમાંથી મુકિત

**પ્રાદેશિક**

એફઈ બ્યુરો
રાજકોટ, તા. ૩

રાજ્ય વિધાનસભામાં તાજેતરમાં સહકારી ક્ષેત્રમાં સુધારો કરતું વિધેયક બહુમતિથી પસાર કરવામાં આવ્યું હતું. તેમાં શહેરી સહકારી બેંકોએ ક્રેડિટ ઇકવીલીઝેશન ફંડ માટે તેમના નફામાંથી દર વર્ષે જોગવાઈ કરવી પડતી હતીં, તે બાબત નાબૂદ કરવામાં આવી છે. સહકારી બેંકોની જે રકમ આ રીતે સરકાર પાસે જમા હશે તે બેંકોને પરત મળશે.

ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના પ્રમુખ જ્યોતીન્દ્ર મહેતાએ આપેલી માહિતી અનુસાર, ૨૦૦૧માં માધવપુરા સહકારી બેંકનો પ્રશ્ન ઊભો થયા પછી રાજ્ય સરકારે દરેક સહકારી બેંકોએ તેમના નફામાંથી અમુક ચોક્કસ રકમ ક્રેડિટ ઇકવીલીઝેશન ફંડ માટે અનામત રાખવાનું ઠરાવ્યું હતું. આ રકમ સરકારમાં જમા કરાવવાની હતી અને ભવિષ્યમાં કોઈ બેંક માંદી પડે ત્યારે ઉકત રકમનો ઉપયોગ કરવાનું સરકારની વિચારણા માં હતું. રાજયના સહકાર વિભાગ પાસે આ રીતે એકત્ર થયેલી રકમ રૂા. ૩૫ કરોડ હોવા નો અંદાજ છે. મધ્ય ગુજરાત સહકારી બેંક્સ ફેડરેશને ઉકત જોગવાઈ સામે



હાઇકોર્ટમાં અપીલ કરી નાબૂદ કરવાની માગણી પણ કરી હતી. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશને આ જોગવાઈ નાબૂદ કરવા સરકારમાં વખતોવખત રજૂઆત કરી હતી.

મહેતાએ કહ્યું કે તાજેતરમાં વિધાનસભામાં પસાર થયેલા સહકારી કાયદા સુધારા ખરડા માં રાજ્ય સરકારે ઉકત જોગવાઈ દૂર કરી હતી. હવેથી સહકારી બેંકોએ તેમના નફામાંથી આ ફંડ માટે નાણાંકીય ફાળવણી કરવી નહીં પડે. વધુમાં, સરકારમાં જમા રહેલી બેંકોની રકમ તેમને પ્રોરેટા ધોરણે પરત મળશે. ફેડરેશન તરફથી કરવામાં આવેલી વારંવારની રજૂઆતનો હકારાત્મક પ્રતિસાદ મળવા બદલ તેમણે આનંદ વ્યકત કર્યો હતો. બીજી તરફ, સહકારી સંસ્થાઓએ નવા કર્મચારીની ભરતી કરવી હશે તો હવેથી સરકારની એટલે જે તે જિલ્લાના સહકારી રજીસ્ટ્રારની મંજૂરી લેવાની રહેશે. આ જોગવાઈ માં નાની સહકારી મંડળીને પણ આવરી લેવામાં આવી છે. મહેતાએ કહ્યું કે કોઈ સહકારી સંસ્થામાં કર્મચારીની ભરતીમાં ગેરરીતિ આચરવામાં આવી હોય તેને કારણે સમગ્ર સહકારી ક્ષેત્રને એક જ જોગવાઈ લાગુ કરવી યોગ્ય નથી. આ મુદ્દા અંગે સરકારમાં રજૂઆત કરાશે.